# ૯માં એડી.જ્યુડી. મેજીસ્ટ્રેટી ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, રાજકોટ.
# ફોજદારી કેસ નં. ૨૩૯/૨૦૧૯

## :: આંક–૦૧ હેઠળ હુકમ ::

૧. એફ.આઈ.આર. તથા ચાર્જશીટ વંચાણે લીધા. આ કામે આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો વંચાણે લેવામાં આવે તો ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપી જાહેરમાં ગેરકાયદેસર રીતે કોઈ પાસ પરમીટ વગરનો દારૂ પી લથડીયા ખાતો બકવાસ કરતે મળી આવેલો છે. જેથી આરોપીને અટક કરી તેનું બ્લડ સેમ્પલ ચકાસણી માટે લેવામાં આવેલુ.

૨. મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એક્ઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ–૧૯૫૯ ના રૂલ–૪(૨) તરફ દોરવામાં આવેલ છે. સદર નિયમમાં કરવામાં આવેલ જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ નમુના લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સંદેશાવાહક મારફત મોકલી આપવાનું આવું બ્લડ સેમ્પલ લીધાની તારીખથી ૦૭(સાત) દિવસની અંદર મળી જાય તે રીતે મોકલવું. નામ. વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજ્ય વિરૂદ્ધ બાપુજી સવાજીભાના કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિદ્ધાંતને લક્ષમાં લેતા લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ.

૩. હાલના કામમાં એફ.આઈ.આર. તથા રેકર્ડ ધ્યાને લેતા આરોપીને લોહીના નમુના દિન–૦૭ ની અંદર એફ.એસ.એલ. લેબોરેટરી ગાંધીનગર ખાતે પહોંચેલા નથી અને તે ત્યારબાદ ઘણાંજ મોડા પહોંચેલા છે. આમ, મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એક્ઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ–૧૯૫૯ ના રૂલ–૪(૨)ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ હોય તેવું આ કેસમાં જણાય છે. વિ.એ.પી.પી.શ્રીએ **પટેલ કાંતીલાલ બાબલદાસ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, રીપોર્ટેડ ઈન** LAWS(GJH)2007(7)152 પર ભાર મુકેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને હું સંપૂર્ણપણે માન આપુ છું. પરંતુ હાલના કેસની હકીકત તથા સંજોગો અલગ હોઈ સદર ચુકાદો ફરિયાદપક્ષને મદદરૂપ નથી. ડિસ્ચાર્જ અરજી નિકાલ કરતી વખતે કોર્ટે ફક્ત એટલીજ હકીકત જોવાની હોય છે કે આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે કે નહીં.તે સંજોગોમા નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો **" Arun Vyas v. Antila Vyas" AIR 1999 SUPREME COURT 2071** માં પેરા–૯ માં ઠરાવેલ છે કે,

> **9.** Section 239 has to be read along with Section 240 Cr.P.C. If the Magistrate finds that there is prima facie evidence or the material against the accused in support of the charge (allegations) he may frame charge in accordance with Section 240 Cr.P.C. But if he finds that the charge (the allegations or imputations) made against the accused do not furnish basis for framing charge, it will be a case of charge being groundless, so he has no option but to discharge the accused.

વધુમાં નામ. ઝારખંડ હાઈકોર્ટના ચુકાદા Ratan kumar Singh V/S State of Jharkhand through Vigilance રીપોર્ટેડ ઈન 2013 0 Supreme (Jhk) 915; માં પેરા–૧૨ માં ઠરાવેલ છે કે,

**12.** It is well settled that in a case where upon considering the record of the case and documents submitted before it, the court finds that no offence is made out or there is a legal bar to such prosecution under the provisions of the code or any other law for the time being in force and that there exists no ground to proceed against the accused, the court may discharge the accused.

૪. આમ, ઉપરોક્ત મુજબની વિગતવાર ચર્ચા તથા નામ. સુપ્રીમ કોર્ટ તથા નામ. ઝારખંડ હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ ઉપર મુજબના સિદ્ધાંતો ધ્યાને લેતા મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એક્ઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ-૧૯૫૯ ના રૂલ-૪(૨) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થેયલ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

હાલના આરોપી રાજુ કાથળભાઇ મકવાણાને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૯ મુજબ હાલના કેસમાંથી ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૯મી, માહે-માર્ચ, સને-૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ.
તા.૦૯/૦૩/૨૦૨૪

**(મૈનાક બીપીનચંદ્ર રાવલ)**
૯માં અધિક જ્યુડી.મેજી.ફ.ક.,
રા જ કો ટ.

**UIC NO. GJ01757**